પ્રાંતિજ ખાતે ખોડીયાર જયંતિની ધામધૂમથી ઉજવણી કરાઈ

છેલ્લા બે વર્ષ થી અહી સમુહ આરતી યોજાય છે : માઇ ભક્તો એ સમુહ આરતીમાં ભાગ લઈને ધન્યતા અનુભવી હતી

પ્રાંતિજ તા.૨૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ખોડીયાર કુવા ખાતે ખોડીયાર કુવા યુવક મંડળ દ્વારા ખોડીયાર જયંતિને લઈ ને સમુહ આરતીનુ આયોજન કરવામા આવ્યુ હતું.

પ્રાંતિજ ખોડીયાર કુવા ખાતે આવેલ શ્રી બહુચર માતાજી મંદિર, મહા લક્ષ્મી મંદિર, અંબાજી મંદિર ખાતે ખોડીયાર જયંતિ ને લઈ ને લઈ ને ખોડીયાર કુવા યુવક મંડળ દ્વારા સમુહ આરતીનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ખોડીયાર કુવા ખાતે રહેતા ધર્મ પ્રેમી લોકોએ સમુહ આરતી મા ભાગ લઈ ને અહી આવેલ પ્રાચિન કુવા ખાતે સમુહ મા આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી તો છેલ્લા બે વર્ષ થી અહી ખોડીયાર કુવા યુવક મંડળ દ્વારા સમુહ આરતીનુ આયોજન કરવામા આવે છે તો અહી વિવિધ જ્ઞાતિ ના લોકો રહે છે અને તેવો એક સંપ થઈ ને દરેક ધાર્મિ તહેવાર નુ આયોજન કરતા હોય છે તો અહી હિન્દુ ધર્મ મા આવતા દરેક ધાર્મિક તહેવારોની જન્માષ્ટમી, નવરાત્રી , સહિત ના ધાર્મિક તહેવારો ની ઉજવણી કરવામા આવે છે તો અહી આવેલ કુવો એ અતિ પ્રાચીન કુવો છે અને અહી આ કુવાની માન્તા પણ રાખવામા આવે છે અને પોતાની રાખેલ માનતા પુર્ણ થતા અહી માનતા પુર્ણ કરવા લોકો આવતા હોય છે તો ખોડીયાર યુવક મંડળ દ્વારા ખોડીયાર જયંતિ ની ધામધૂમ થી ઉજવણી કરવામા આવી હતી.

મોડાસમાં કોંગ્રસના ધારાસભ્ય જશુભાઈ પટેલે સાયકલ પર સીલીન્ડર બાંધી મોંઘવારીનો વિરોધ કર્યો

મોડાસા, તા. ૨૧ હાલ કોરોના વૈશ્વીક મહામારી થી લોકોની હાલત કફોડી બની છે બીજીબાજુ અચ્છે દીનના વાયદા કરી કરી કેન્દ્રમાં સત્તાધીશ ભાજપ મોંઘવારી નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેતા પેટ્રોલ-ડીઝલ અને ઘરેલુ ગેસના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે મોંઘવારીને લઈને અરવલ્લીના બાયડ અને માલપુર ના ધારાસભ્ય જશુ પટેલે અનોખો વિરોધ કર્યો. મોડાસા ખાતે પોતાના નિવાસસ્થાને થી જશુભાઈ પટેલ સાયકલના કેરિયર પર ગેસની બોટલ બાંધીને નિકળ્યા હતા અને શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને મોંઘવારીને લઈને વિરોધ પ્રદર્શન કર્યો. સીલીન્ડર પર કોંગ્રેસ લડે છે મોંઘવારી અને બેકારી થી ભાજપ લડે છે ધમકી અને પૈસાથીના બેનર લગાવી સાયકલ યાત્રા યોજાતા લોકોને રવિવારની રમૂજ જેવો માહોલ માણવા મળ્યો હતો

મોંઘવારી સહિતન અનેક મુદ્દાઓને લઈને હંમેશાં કંઈક અલગ રીતે વિરોધ પ્રદર્શન કરતા બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે આ વખતે ગેસની બોટલ સાયકલ પર બાંધીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. હાલમાં જ પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં થઈ રહેલા ભાવ વધારાને લઈને તેમણે સરકાર પર આક્ષેપો કર્યા હતા.મોડાસા શહેરમાં નગરપાલિકાની ચૂંટણીને લઈને આ વખતે ભાજપ કોંગ્રેસની સાથે સાથે રૈંસ, આમ આદમી પાર્ટી તેમજ અપક્ષના ઉમેદવારો મેદાને છે ત્યારે ધારાસભ્ય જશુભાઈ પટેલએ અનોખી રીતે મોંઘવારી વિરોધ કરવાની સાથે કોંગ્રેસનો મોડાસા શહેરમાં પ્રચાર-પ્રસાર કરવાનો પ્રયત્ન કર્યો હતો એટલું જ નહીં જિલ્લા પંચાયત અને તાલુકા

પંચાયતમાં કોંગ્રેસનો દબદબો હતો પરંતુ આ વર્ષે સમિકરણો બદલાવાની આશંકાને પગલે કોંગ્રેસ પાર્ટી વિરોધ કરવાની રણનીતિ બનાવી રહી હોય તેવી પણ અટકળો તેજ થઈ છે, તો બીજી બાજુ કોંગ્રેસના કાર્યકરો પક્ષ છોડી અન્ય પાર્ટીઓમાં જોડાઈ રહ્યા છે આ વચ્ચે કોંગ્રેસ માટે પંચાયતની સીટ બચાવવા કવાયતો હાથ ધરી રહી હોય તેવું લાગી રહ્યું છે. મોડાસા નગર પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસને લાગતું હતું કે, કદાચ પાલિકામાં તેઓ સત્તા પર આવશે, પણ MIM પાર્ટી હવે મેદાને ઉતરમાં શહેર કોંગ્રેસમાં ગાબડું પડી જતાં કોંગ્રેસની રણનીતિ પર પાણી ફરી વળે તો નવાઈ નહીં... પણ હાલ તો મોંઘવારીને લઈને કોંગ્રેસ પાર્ટીઓ વિરોધનો વંટોળ ચલાવ્યો છે, તે કેટલો કારાગાર સાબિત નીવડે છે, તે તો ચૂંટણી પછી જ ખ્યાલ આવી શકે છે પરંતુ હાલ તો ધારાસભ્ય જશુભાઈ પટેલની સાયકલ યાત્રાએ રવિવાર રમૂજ બનાવી દીધો હતો લોકોમાં પણ ધારાસભ્યના વિરોધ કરવાની રીતથી આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા અને તેમની સાયકલ યાત્રા જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ધારાસભ્ય જશુભાઈ પટેલનો નુસ્ખો સફળ રહ્યો હતો

ઉમેદની મુવાડીમાં ભેલાણ મુદ્દે ખેડૂતને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૧ તલોદ તાલુકાના ઉમેદની મુવાડી ગામે ખેતરમાં પશુઓએ

૪ સામે ગુન્હો નોંધાયો

પ્રવેશી મકાઈના પાકનું ભેલાણ કર્યું હોવા બાબતે ખેડૂતને થયેલ રૂા.૧૦,૦૦૦નું નુકસાન ચુકવવાને બદલે જાનથી મારી નાખવાની ધમકી અપાતાં પોલિસ ફરીયાદ થઈ છે. બનાવ અંગે તલોદ પોલિસે ૪ ઈસમો વિરૂદ્ધ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલિસ સુત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના ઉમેદપુરા કંપાના ખેડૂત રતિભાઈ દેવસીભાઈ પટેલનું ખેતર ઉમેદની મુવાડી ગામની સીમમાં આવેલ છે. ખેડૂતે વર્તમાન સિઝનમાં ખેતરમાં મકાઈનું વાવેતર કર્યું છે ત્યારે તા.૧૮ના રોજ ગુલાબની મુવાડી ગામના નિકુલભાઈ મહાદેવભાઈ રબારી અને અન્ય પશુપાલકોએ ખેડૂતના ખેતરમાં ગેરકાયદેસર પશુઓ સાથે પ્રવેશ કરી ઉભા પાકને નુકસાન પહોંચાડ્યું હતું જેથી ખેડૂતે પાક નુકસાની આપવા માટે પશુપાલકો સાથે વાતચીતથી હલ લાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ઉશ્કેરાયેલા પશુપાલકોએ ખેડૂતને અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલિસ સ્ટેશને પહોંચ્યો છે.

આરોપી
- નિકુલભાઈ મહાદેવભાઈ રબારી
- વિષ્ણુભાઈ જેસંગભાઈ રબારી
- જગતસિંહ કાનસિંહ ઠાકોર
- ભલસિંહ કાનસિંહ ઠાકોર
- (તમામ રહે. ગુલાબની મુવાડી તા.તલોદ)

ઈડર તાલુકામાં પશુ તસ્કરીના બનાવોથી પશુપાલકો ચિંતિત

વસાઈમાંથી વધુ એક પશુની ચોરી

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૧ ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પશુ તસ્કરોનો આતંક ફરી વળ્યો છે. રાત્રે ખેતરના તબેલાઓમાંથી દૂધાળા પશુ ચોરાઈ જવાની ઘટનાઓથી પશુપાલકો ચિંતિત બન્યા છે. ગત રાત્રે તાલુકાના વસાઈ ગામના હિરાભાઈ રતાભાઈના ધોલેશ્વર મંદિર નજીકના કૂવાના તબેલા ઉપરથી પશુ તસ્કર રૂા.૪૦,૦૦૦ કિંમતની ગાય ઉઠાવી ફરાર થઈ જતાં પોલિસ ફરિયાદ થઈ છે. અગાઉ પણ અન્ય

પશુપાલકોના પશુઓને તસ્કરો ઉઠાવી ગયા હોવા છતાં પશુ કે તસ્કરોનો કોઈ પત્તો પોલિસ મેળવી શકી ન હોવાથી પશુ તસ્કરીના બનાવો કાયમી બન્યા છે.

પોલિસની ધાક તળીયે જતાં રાત્રે તસ્કરો ઘરફોડ ચોરીના બનાવોને અંજામ આપતાં પ્રજાની લાખો રૂપિયાની માલમતા ચોરાઈ રહી છે. ઘરફોડીયા પછી પશુ તસ્કરોએ વધુ એક પડકાર ઉભો કરતા પશુઓની સુરક્ષા માટે પશુપાલકોને જાતે ચોકી પહેરો કરવાની નોબત આવી છે. ઈડર તાલુકાના ગામડાઓમાં છેલ્લા ઘણાં સમયથી ચોક્કસ ટોળકી પશુઓ ઉઠાઈ જવા સક્રિય થઈ છે. રાત્રે તબેલાઓમાં પશુપાલકોની હાજરી ન હોય તે સમયે વાહનોમાં પશુઓને ઉઠાવી જવાતા હોય છે. તાલુકાના વસાઈ ગામના પશુપાલકના ભમરીયા નામથી ઓળખાતા ખેતરના તબેલામાં તા.૨૦ ના રોજ રાત્રીના સમયે ત્રાટકેલા પશુ તસ્કરોએ ગાય વાહનમાં ઉઠાવી ફરાર થઈ ગયા હતા. બીજા દિવસે દૂધ દોહવા સમયે તબેલામાં પહોંચેલા પશુપાલકે ખૂંટે બાંધેલી ગાય ન જોતાં આંચકો અનુભવ્યો હતો. પશુ તસ્કર ગાય ચોરી ગયાનું જણાઈ આવતાં ઈડર પોલિસને જાણ કરવામાં આવી છે.

લીંબમાં રાત્રે દલિત યુવકનો વરઘોડો રોકતાં પોલિસ દોડતી થઈ

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૧ બાયડ તાલુકાના લીંબમાં શનિવારની રાત્રે વાજતે-ગાજતે દલિત પરિવારના નીકળેલા વરઘોડાને કેટલાંક ઈસમો દ્વારા રોકીને શાંતિ ડહોળવાનો પ્રયાસ

બીજા દિવસે પોલિસ બંદોબસ્ત સાથે વરઘોડો નીકળ્યો

થતાં પોલિસ દોડતી થઈ હતી. વરઘોડામાં મોટું ઘર્ષણ ન થાય તે માટે બનાવ સમયે મામલો સમજાવટથી થાળે પાડી રવિવારે પોલિસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે વરઘોડો યોજી દલિત વરરાજાની જાનનું પ્રસ્થાન કરાવાયું હતું. સગા સબંધિઓ અને આંમત્રિત મહેમાનોની હાજરી વચ્ચે ડીજેના તાલે વરઘોડો નીકળ્યો હતો પરંતુ ટોળાએ રસ્તો રોકતા વાતાવરણ તંગ બની ગયું હતું. પોલિસે તાબડતોબ દોડી જઈ સ્થિતિ ઉપર કાબૂ મેળવી લીધો હતો પરંતુ જિલ્લામાં એકપછી એક વરઘોડા દરમિયાન ઘર્ષણની સ્થિતિથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉભા થયા છે.

જિલ્લામાં એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો માહોલ ગરમાયો છે. મતદારો કોઈપણ પ્રકારના ભય વગર મતદાન કરે તે માટે પોલિસ દ્વારા વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજવામાં આવી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી ચુંટણીઓ ટાણે કથડી છે. સામાન્ય વાતમાં હિંસક હુમલા અને વર્તમાન લગ્નની સીઝનમાં વરઘોડા રોકવાની ઉપરાછાપરી ઘટનાઓએ સમરસ સમાજની વાતોને છિન્નભિન્ન કરી નાખી છે. મોડાસા તાલુકાના ખંભીસર અને નાંદિસણમાં દલિત પરિવારના વરઘોડાઓમાં થયેલી ધાંધલ ધમાલ હજુ ભૂલાઈ નથી ત્યાં બાયડ તાલુકાના લીંબમાં તા.૨૦ ના રોજ સાહિલ રમેશભાઈ પરમારનું લગ્ન હોવાથી વાજતે ગાજતે વરઘોડો ગામમાં નીકળ્યો હતો જે સમયે વરઘોડાનો વાંધો ઉઠાવી ટોળાએ શાંતિ ડહોળવાનો હિન પ્રયાસ કરતા વાતાવરણ તંગ બની ગયું હતું. રાત્રે વરઘોડામાં ઉપસ્થિત લોકો પણ ઘટનાથી સમસમી ગયા હતા અને એક તબે બે જૂથ વચ્ચે ભડકો થવાની દહેશત ઉભી થઈ હતી દરમિયાન સ્થિતિ વણસતી જોઈ પોલિસને જાણ કરવામાં આવતા ગામમાં તાત્કાલિક ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલિસે આ મુદ્દે સમજાવટથી કામ લેતા ઉભી થયેલી ઘર્ષણની સ્થિતિ હળવી થઈ હતી પરંતુ જેતે સમયે વરઘોડો મુલતવી રખાયા પછી તા.૨૧ના રોજ સવારે ફરીથી પોલિસન ચુસ્ત બંદોબસ્ત વચ્ચે વરઘોડો યોજવામાં આવ્યો હતો. જિલ્લામાં આ પ્રકારે વારંવાર વરઘોડા સમયે જ સામાજિક સમરસતા ને ડહોળવાના પ્રયાસો થતા ચુંટણીઓ સમયે પોલિસ ઉંભા માથે થઈ છે.

વરઘોડો કાઢ્યા પછી જાન પ્રસ્થાન થઈ છે : પી.એસ.આઈ.

બાયડ તાલુકાના લીંબમાં ગત રાત્રે દલિત યુવકનો વરઘોડો રોકવાનો પ્રયાસ થતાં વાતાવરણ તંગ બની ગયું હતું બીજા દિવસે પોલિસ બંદોબસ્ત સાથે વરઘોડો યોજવામાં આવ્યો હતો. આંબલિયારા મહિલા પી.એસ.આઈ. આર.એમ.ડામોરનો સંપર્ક કરતાં ગામમાં વાતાવરણ શાંત છે અને પોલિસની હાજરીમાં વરઘોડો નીકળ્યા પછી વરરાજાની જાન રવાના થઈ હોવાનું જણાવી આ અંગે કોઈ પોલિસ ફરીયાદ નોંધાઈ ન હોવાનું વધુમાં જણાવ્યું હતું.

પ્રાંતિજ ક્ષત્રિય સમાજ દ્વારા શ્રી બહુચર માતા મંદિરનો ચોથો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૨૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ

બહુચર માતાજીના મંદિરનો ચોથો પાટોત્સવની ધામધૂમ થી ઉજવણી કરવામા આવી : હવન, આરતી સહિતના કાર્યક્રમો યોજાયા : ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા : દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી

ખાતે આવેલ શ્રી બહુચર માતાના મંદિરનો ચોથો પાટોત્સવ મહોત્સવ ધામધૂમ થી ઉજવાયો હવન, આરતી, અન્નકૂટ દર્શન સહિત નાકાર્યક્રમો યોજાયા હતા તો પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ તથા ભાજપના કાર્યકરો એ ઉપસ્થિત રહી ને દર્શન કર્યા હતા તો દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોથા પાટોત્સવની ધામધૂમ ઉજવણી કરવામા આવી હતી જેમા પ્રાંતિજ સહિત આજુબાજુમા રહેતા ક્ષત્રિય સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા તો હવન ના મુખ્ય યજમાન પદે યોગેશજી ભીખાજી મકવાણા પરીવારે લાભ લીધો હતો તો સમગ્ર મંદિરને રંગબેરંગી લાઈટો થી સજાવત કરવામા આવી હતી તો રાત્રી દરમ્યાન રાસ ગરબા નો કાર્યક્રમ પણ યોજાયો.

ખુમાપુરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રચાર સભા યોજાઈ

કોંગ્રેસના મૂળિયાં ઉખેડી નાખી એના ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થાય એવી બહુમતી લાવોઃકેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા : જિલ્લા પંચાયતની લીંભોઇ અને કઉ એમ બે બેઠકો અને તાલુકા પંચાયતની ૮ બેઠકો માટે જાહેર સભા યોજાઈ

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૧ કેન્દ્રમાં જંગી ભુમતીની ભાજપ સરકાર તમે લાવ્યા, રાજ્યમાં ભાજપની સરકાર તમે લાવ્યા અને સ્થાનિક સ્વરાજની ચૂંટણી તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં એવું જોર મારો કે

ઉમેદવારો તો જીતવાના જ છે પણ એવી પ્રચંડ બહુમતી લાવો કે કોંગ્રેસના મૂળિયાં ઉખેડી નાખો,એના ઉમેદવારોની ડિપોઝીટ પણ ના બચે. એવી બહુમતી લાવો -એમ આજરોજ મોડાસા તાલુકાની જિલ્લા પંચાયતની લીંભોઇ અને કઉ એમ બે જિલ્લા પંચાયત બેઠકો અને તેની નીચે આવતી ૮ તાલુકા પંચાયત બેઠક માટે જિલ્લા ભાજપ દ્વારા મોડાસાના ખુમાપુરમાં વિશાળ જનમેદનીને સંબોધતા

કેન્દ્રીય મંત્રી અને ભાજપના મોવડી પુરૂષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશ માટે કરેલા કામો, યોજનાઓ,સંરક્ષણ, આરોગ્ય, વીજળી, સિંચાઈ, ખેડૂતોને રાહત આપવા કિસાન હિતમાં,ગરીબ,મધ્યમવર્ગીય લોકો સહિત આમનજનતા માટે એક પ્રધાન સેવક તરીકે કરેલી અને હાલ કોરોના સામે લડતા લડતા પણ કરી રહેલા કામોનો ઉલ્લેખ કરીહવે ખૂટે છે તે પંચાયતોમાં ભાજપને લાવવા અનુરોધ કર્યો હતો.જયારે પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ કૌશલ્યાકુંવરબાએ

કેન્દ્ર-રાજ્યની અનેક વિધ યોજનાઓ અને મહિલાઓને લગતી અને અન્યને લગતી યોજનાઓ,સેવાઓની વિસ્તૃત છણાવટ કરી હતી અને તેમણે ઉપરથી નીચે સુધી એક સાંકળ કરી કેન્દ્ર, રાજ્ય સરકાર તરફથી આવતા કામો નીચે સુધી પહોંચે એ માટે મતદાન કરી,કરાવી,જંગી બહુમતીથી ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવા હાકલ કરી હતી.આ પ્રસંગે પ્રારંભે જિલ્લા ભાજપના પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલે સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે અને સાબરડેરી ડિરેકટર ભીખુસિંહ પરમાર વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.જિલ્લા મહામંત્રી ભીખાજી ડામોર, હસમુખભાઈ પટેલ અને શૈલેષભાઈ ભોઈ,તાલુકા ભાજપ પ્રમુખ ભીખુસિંહ હી. પરમાર, મહામંત્રી રમેશભાઈ પટેલ, અંકિત ભાઈ પટેલ સહિત કાર્યકરોએ સભાના આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

પ્રાંતિજના સોનાસણ ખાતે પંચાયત ચૂંટણીઓને પગલે પુરષોત્તમ રૂપાલાએ સભા સંબોધી

પ્રાંતિજ તા.૨૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સોનાસણ ખાતે કેન્દ્રીય મંત્રી પુરશોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત જાહેર સભા યોજાઈ. પ્રાંતિજના સોનાસણ ખાતે તાલુકા અને જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવારો ના સમર્થનમાં જાહેર સભા યોજાઈ જેમાં પુરષોતમ રૂપાલા સહિત સાબરકાંઠા-અરવલ્લી સાંસદ, પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા

પ્રમુખ જે.ડી.પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ ઉપસ્થિત ઉપસ્થિત રહ્યા હતા ચુંટણી સભા માં પધારેલ કેન્દ્રીય મંત્રી પુરષોતમ રૂપાલા એ જણાવ્યું હતું કે મારી આજના દિવસે આ બીજી સભા છે ત્યારે તમામ સભાઓ માં કોંગ્રેસના લોકો ભાજપ માં જોડાઈ રહ્યા છે તેમાં જ આપણી અડધી જીત છે.મંત્રી એ ટૂંક માં કહ્યું હતું કે ખેતીમાં વપરાતા તમામ પાઈપ એક સરખા હોય તો ફિટીંગ સારું આવે એમ ઉપર અને નીચે તમામ એક સરખા ભાજપ ના ઉમેદવારો ને જીતાડવા અપીલ કરી હતી.તેઓ એ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી એ રૂપિયા મોકલે છે તે તમામ રૂપિયા સીધા લોકોના ખાતામાં આવે છે આમ તમામ શેત્રમાં સફળ ભાજપ ની સરકાર છે ત્યારે તમામ નગરપાલિકા અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ભાજપ ના ઉમેદવારો ભવ્ય જીત અપાવવા અપીલ કરી હતી ત્યારે આજની ચૂંટણી સભામાં તમામ ઉપસ્થિત લોકો કેસરિયા ખેસ અને ટોપી સાથે અને માસ્ક સાથે જોવા મળ્યા હતા. ચૂંટણી સભા વખતે પ્રાંતિજ અને જિલ્લા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

શીકા પ્રાથમિક શાળામાં આરોગ્ય વિભાગે થર્મલ ગનથી બાળકોની તપાસ કરી હતી ૬ થી ૮ના વર્ગો શરૂ થતા બાળકોની આરોગ્ય વિભાગ દ્વારા થર્મલ ઘનથી તપાસ કરાઈ હતી અને પ્રવેશ અપાયો હતો અને ૬ થી ૮ના વર્ગો શરૂ કરાયા સરકારની ગાઈડ લાઈન મુજબ વર્ગો શરુ કરાયા હતા વાલીઓના સંમતિ પત્રક સાથે શૈક્ષણિક કાર્ય શરુ સ્કૂલમાં બાળકોનું માસ્ક,સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝ જેવી બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે જેમાં આરોગ્ય વિભાગના અતુલભાઈ પટેલ,જ્યોત્સનાબેન પ્રજાપતિ, ડૉ નાજીમાબેનના માર્ગદર્શનમાં યોજાયું હતું.